# પ્ર ક ર ણ પ હે લું

## સંશોધનનો વિષય

[ તેનાં હેતુઓ, આવશ્યકતા, વ્યાપ ને મર્યાદા ]

**સંશોધનનો વિષય :**

ભાષાની વૃદ્ધિ યા વિકાસનું કાર્ય કપરું છે. પ્રવર્તમાન સ્થિતિનો અભ્યાસ અને તેને અંગેના × સંશોધનો વિકાસના કાર્યક્રમ અંગેની ભૂમિકા પૂરી પાડે છે. આ વિશેષે કરીને એટલા માટે જરૂરી બને છે કે ભારતની પ્રાદેશિક ભાષાને શિક્ષણની બોધભાષા બનાવ્યા પછી અને સમગ્ર શિક્ષણકાળ દરમિયાન બીજા કોઈપણ વિષય કરતાં એને વધુ સમય ફાળવ્યો હોવા છતાં આપણા વિદ્યાર્થીઓ ભાષાનાં વિવિધ કૌશલ્યો સંતોષપ્રદ રીતે ખીલવી શક્યા નથી, ખાસ કરીને એમની મૌખિક યા લેખિત અભિવ્યક્તિની શક્તિ અથવા તો એમની ભાષાકીય સિદ્ધિ સંતોષકારક કહી શકાય નહીં. ભાષાશિક્ષણનો અને તે દ્વારા ભાષા ઉપર પ્રભુત્વ મેળવવાનો આધાર પ્રાથમિકથી યુનિવર્સિટી શિક્ષણ સુધી એને વ્યવસ્થિત, ક્રમબધ્ધ ને હેતુસાધક ભાષાનું શિક્ષણ આપવાનો કેવો પ્રબંધ કરવામાં આવે છે તેના પર રહેલો છે.

ભાષાનાં બે મુખ્ય અંગો: ૧ શબ્દો, અને ૨ વાક્યબંધો ( structures ) આ બે અંગો વિશે વર્તમાન પરિસ્થિતિ શી છે તે સંશોધનો દ્વારા જાણી શકાય. પરદેશમાં થયેલાં સંશોધનોની સરખામણીમાં ભારતીય ભાષા ઉપર ઘણાં ઓછાં સંશોધનો થયાં છે. આમાં પણ વાક્યબંધો કરતાં વિદ્યાર્થીઓના શબ્દભંડોળ અંગેના સંશોધનોનું પ્રમાણ જ વિશેષ છે. ભાષાનાં સંશોધનો હાથ ધરવાથી

વિવિધક્ષેત્રોમાં પ્રજાની અભિવ્યક્તિના વાહન તરીકે આપણી ભાષાને વધુ સજ્જ અને ક્ષમતાવાળી બનાવવાનો કાર્યક્રમ આજ કરતાં વધુ નિશ્ચિતપણે અમલી બનશે.

ઉપરોક્ત કારણોને લીધે આ સંશોધન હાથ ધરાયું છે. આપણી શિક્ષણ-વ્યવસ્થાના પ્રારંભિક તબક્કામાં ગુજરાતી જેમની માતૃભાષા છે એવા પહેલી પાંચ શ્રેણીના વિદ્યાર્થીઓનું ગુજરાતી ભાષાનું ભંડોળ કેટલું છે તે જાણવાનો આ સંશોધનનો મુખ્ય આશય છે.

વિષય આ પ્રમાણે છે:

શ્રેણી ૧ થી ૫ માં અભ્યાસ કરતા સૂરત જિલ્લાના
વિદ્યાર્થીઓનું ગુજરાતી શબ્દભંડોળ – એક અભ્યાસ .

સંશોધનના હેતુઓ :

૧. પ્રસ્તુત સંશોધન દ્વારા પ્રાથમિક શાળાની પહેલી પાંચ શ્રેણીઓમાં અભ્યાસ કરતા જુદી જુદી વયનાં વિદ્યાર્થીઓનું અભિવ્યક્તિનું શબ્દભંડોળ (active vocabulary) જાણી લેવું.

૨. આ વિદ્યાર્થીઓના શબ્દભંડોળનો વ્યાપ કેટલો છે ? તે જાણવું.

૩. શહેર અને ગ્રામવિસ્તારનાં બાળકોના શબ્દભંડોળની તુલના કરવી.

૪. અરબી, ફારસી ને અંગ્રેજી જેવી વિદેશી ભાષાઓની ગુજરાતી ભાષા પર કેટલી અસર થઇ છે તે પ્રાપ્ત શબ્દ ભંડોળ પરથી તારવવું.

૫. નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ, અવ્યય તથા કૃદંતમાંથી કયાં પદોનો કેટલો ઉપયોગ વિદ્યાર્થીઓ કરે છે

તે જાણી લેવું.

૬. ગુજરાતમાં પાઠયપુસ્તકોનું રાષ્ટ્રીયકરણ થયા પછી જે ગુજરાતી વાચનમાળા આખા રાજ્યની પ્રાથમિક શાળાઓમાં વપરાય છે તેના પહેલી પાંચ શ્રેણીનાં પુસ્તકોમાં વપરાયેલી નવા શબ્દોની યાદીને આ સંશોધન દ્વારા પ્રાપ્ત થયેલી યાદી સાથે સરખાવવી.

**સંશોધનની આવશ્યકતા :**

સ્વરાજયપ્રાપ્તિ પછી પ્રાદેશિક ભાષાઓને મળેલ નવો દરજ્જો તથા તેણે બજાવવાની અનેક કામગીરીનાં સંદર્ભમાં ભાષા વિકાસની દૃષ્ટિએ ભાષાનાં સંશોધનોની આવશ્યકતા આજે અનેકઘણી વધી છે. જેને અંગે આટલી વિશદ વિચારણા પહેલાં કદાચ નહોતી થઇ.

### અંગ્રેજી ભાષાનું ઘટતું જતું મહત્ત્વ

અંગ્રેજોના શાસનકાળ દરમિયાન સમગ્ર દેશમાં, જીવનનાં બધાં ક્ષેત્રોમાં અંગ્રેજી ભાષાને જ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. વિદેશી શાસકો તેને દેશની સત્તાવાર ભાષા (official language) બનાવે એ સ્વાભાવિક હતું. સરકારી કચેરીઓનું, અદાલતોનું, યુનિવર્સિટીઓનું સઘળું કામકાજ આ ભાષા મારફત જ થતું. પ્રાથમિક શાળાનો તબક્કો બાદ કરતાં માધ્યમિક શાળાઓ તથા કોલેજોમાં બધું શિક્ષણ અંગ્રેજી ભાષા દ્વારા જ અપાતું. એટલું જ નહિ પરંતુ શરૂઆતનાં વર્ષોમાં તો બીજા કોઇ વિષય કરતાં અંગ્રેજીનું મહત્ત્વ વિશેષ ગણાતું. શાળામાં તેના પર વિશેષ ધ્યાન અપાતું અને શાળાના કુલ શિક્ષણ સમયનો લગભગ ત્રીજો ભાગ માત્ર અંગ્રેજીને ફાળવવામાં આવતો.

સને ૧૮૫૪ ના ચાર્લ્સ વૂડના ખરીતામાં પ્રશિષ્ટ તથા અન્ય ભાષાઓનો વિકાસ સાધવાની ભલામણ હતી. છતાં મેકોલેની અંગ્રેજી-તરફી નીતિને કારણે વિદેશી રાજ્યકર્તાઓએ એને કશી દાદ આપી નહીં. ઉપર જણાવ્યું છે તેમ તેમણે રાજકાજમાં તેમ જ શિક્ષણમાં અંગ્રેજીને પ્રાધાન્ય આપવાનું ચાલુ રાખ્યું. માત્ર રાજ્યકર્તાઓમાં જ નહીં પરંતુ શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા હિંદી સમાજમાં પણ સૌને અંગ્રેજીનું ઘેલું લાગ્યું હતું. ૨૦મી સદીના પ્રારંભમાં લોર્ડ કર્ઝન જેવા દૃષ્ટિવંત અંગ્રેજ રાજપુરુષે પણ ભારતીય શિક્ષણની ઊણપો નોંધતાં કહ્યું છે કે, " અંગ્રેજીની ઘેલછાને પરિણામે ભારતીય ભાષાઓ પ્રત્યે ઉદાસીનતા સેવવામાં આવે છે.[1]

પહેલા વિશ્વવિગ્રહને અંતે મહાત્મા ગાંધીની સરદારી હેઠળ ભારતને વિદેશી શાસનમાંથી મુક્ત કરવા માટેના પ્રયાસો શત-ગુણિત થયા. અસહકારના આંદોલનની સાથે, એમની હાકલને માન આપી સરકારી શાળા - કોલેજો છોડી બહાર પડેલા વિદ્યાર્થીઓ માટે ગાંધીજીએ રાષ્ટ્રીય શિક્ષણની શાળાઓ અને વિદ્યાપીઠોની સ્થાપના કરેલી. આ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને માતૃભાષાદ્વારા શિક્ષણ આપવાનો આગ્રહ સેવ્યો. પ્રાદેશિક ભાષાઓનું મહત્ત્વ પિછાણી એમણે એ ભાષાઓ તથા એના સાહિત્યનો વિકાસ કરવાનો રાષ્ટ્રપ્રેમી લોકો તથા સંસ્થાઓને અનુરોધ કર્યો.

## <u>પ્રાદેશિક ભાષાઓનો નવો દરજ્જો</u>

આમ પોતાની હિમાયત વડે અને રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓની કામગીરી વડે ગાંધીજીએ પ્રાદેશિક ભાષાઓને

પ્રતિષ્ઠા અપાવી. એમની ભાવના સ્વરાજયપ્રાપ્તિ પછી પણ લોકોની બનેલી સરકારે ચાલુ રાખી. આ રીતે પ્રાદેશિક ભાષાઓને નવું સ્થાન મળ્યું, તેણે વિવિધક્ષેત્રોમાં અસરકારક સાધન તરીકે કામ કરવાનું રહ્યું. પ્રાદેશિક ભાષાઓને મળેલું આ નવું સ્થાન અને તેનું કાર્ય ભાષામૂલક સંશોધનોને કેવી રીતે આવશ્યક બનાવે છે તે જોઇએ.

## ભાષાના અનેકવિધ ઉપયોગો

સ્વરાજયનો અર્થ સ્વ-રાજય પોતાનું રાજય થતો હોય તો લોકો જે ભાષા બોલતા હોય એમાં જ રાજયનો કારભાર ચાલવો જોઇએ. આ વાત લોકશાહીની પાયાની વાત તરીકે આપણા લોકનાયકોએ સમજી લીધી તથા તેમણે પ્રાદેશિક ભાષાને રાજયોની સત્તાવાર ભાષા તરીકે સ્વીકારી. એટલું જ નહિ લોકભાષા દ્વારા થનાર કારભારને સરળ બનાવવા માટે એમણે ભારતનાં રાજયોની ભાષાવાર પુનર્રચના કરી. આનાં કેટલાંક વિપરીત પરિણામો આવ્યાં. દેશમાં ભાષાના ઝગડા વધી ગયા અને તેમાંથી અનેક સમસ્યાઓ ઉપસ્થિત થઇ એ ખરું પણ રાજયની સત્તાવાર ભાષા તરીકે અંગ્રેજીને સ્થાને પ્રાદેશિક ભાષાઓ સ્થાપિત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. અલબત આ વ્યવસ્થા સંપૂર્ણપણે અમલી નથી બની શકી અને અંગ્રેજી ભાષાનો ઉપયોગ હજી ચાલુ છે. આનાં કારણોની તપાસ કરવી આવશ્યક છે તથા રાજયવહીવટ માટે પ્રાદેશિક ભાષાઓના ઉપયોગને વધારે ક્ષમતાયુક્ત બનાવવામાં નાનાંમોટાં ભાષાલક્ષી સંશોધનો અતિ ઉપકારક થઇ પડે તેમ છે.

અપેક્ષા તો એવી છે કે સ્વાતંત્ર્ય પૂર્વે જે વિવિધ પ્રકારની કામગીરી અંગ્રેજી ભાષા [illegible] બજાવતી હતી તે હવે એને બદલે રાષ્ટ્રભાષા યા પ્રાદેશિક ભાષાઓ બજાવે. કોઇપણ

ઉપેક્ષિત તથા વણખેડાયેલી ભાષાને આવી મોટી જવાબદારી ઉપાડવાનું અચાનક સોંપવામાં આવે તો એને મુશ્કેલી પડે જ. વિશ્વ ભાષા તરીકે પ્રતિષ્ઠા પામેલી અને સૈકાઓથી ખેડાયેલી વિકસેલી અંગ્રેજીભાષાની સરખામણીમાં પ્રાદેશિક ભાષાઓ ઉણી માલૂમ પડે એ દેખીતું છે.

શિક્ષણ પર દૃષ્ટિપાત કરતાં લાગે છે કે જયારે માધ્યમિક શાળાનું શિક્ષણ પ્રાદેશિક ભાષામાં આપવાનું નક્કી થયું ત્યારે વિજ્ઞાન, ગણિત, ભૂગોળ જેવા વિષયોની પરિભાષા આપણી પાસે નહોતી. ગૂજરાત યુનિવર્સિટીએ પોતાની સંલગ્ન કોલેજોમાં ગૂજરાતીને શિક્ષણની બોધભાષા તરીકે અપનાવવાનો ઠરાવ કર્યો ત્યારે પણ એ જ પરિસ્થિતિ હતી. છતાં થોડાં જ વર્ષોમાં વિદ્વાનોએ પરિભાષા નક્કી કરી અને પાઠયપુસ્તકો તૈયાર થયાં. હજી સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ વિજ્ઞાનના શિક્ષણમાં, તબીબી-ઇજનેરી-કાનૂન વિદ્યાશાખાના શિક્ષણમાં ગૂજરાતીમાં શીખવવાનું મુશ્કેલી પડે છે — જે તે વિષયના પારિભાષિક શબ્દોની યાદી હજી પ્રમાણિત થયેલી નથી.

કૃષિ અને યંત્રોદ્યોગનાં ક્ષેત્રોમાં, વેપાર ઉદ્યોગના ક્ષેત્રોમાં અદાલતોમાં તથા સરકારી દફતરોમાં પ્રાદેશિક ભાષાઓ સંપૂર્ણપણે વાપરવાની મુશ્કેલીઓ નડે છે. કાળક્રમે જેમ જેમ આ ભાષાઓ વપરાતી જશે તેમ તેમ એમની પરિભાષા સમૃધ્ધ અને ચોક્કસ થતી જશે, એનાં પુસ્તકો લખાતાં જશે અને ભાષાની અભિવ્યક્તિની વ્યવહારક્ષમતા વધશે; તે વધારે સમર્થ બનશે. ભાષાના આવા સર્વગ્રાહી વિકાસની પ્રક્રિયામાં વિવેકપૂર્વક હાથ ધરવામાં આવતાં સંશોધનો મહત્ત્વનો ફાળો આપી શકે.

અન્ય રીતે કહીએ કે તે જીવનનાં અનેકવિધ ક્ષેત્રોમાં

વ્યવહાર (Communication) ની ભાષા તરીકે પ્રાદેશિક ભાષાઓને ખીલવવાનો, એની અભિવ્યક્તિ-ક્ષમતા વિકસાવવાનો, અને તે માટે શિક્ષણસંસ્થાઓએ નવી પેઢીને સવિશેષ તૈયાર કરવાનો સુયોજિત ને હેતુલક્ષી પ્રયાસ, સંશોધનની ભૂમિકાને આધારે, આપણે શરૂ કરી દેવો જોઇએ.

## ભાષાશિક્ષણના પ્રારંભની સમસ્યા

ભાષામૂલક સંશોધનોની આવશ્યકતા દર્શાવતો એક બીજો મુદ્દો શિક્ષણક્ષેત્રે ધ્યાન ખેંચે છે. બાળક ૬ વર્ષની ઉંમરે પ્રાથમિક શાળામાં ગુજરાતીનો અભ્યાસ શરૂ કરે છે ત્યાં જ એના ભાષા જ્ઞાનનો સંગીન પાયો નંખાવો જોઇએ. કમનસીબે પૂરા અગિયાર વર્ષ સુધી એક અગત્યના વિષય તરીકે ગુજરાતી માતૃભાષા યા પ્રાદેશિક ભાષા શીખ્યા પછી અને બધા વિષયો પણ એ ભાષા દ્વારા જ શીખ્યા પછી પણ કમનસીબે એકંદરે વિદ્યાર્થીઓના ભાષાજ્ઞાનનો પાયો બહુ દોદળો માલૂમ પડયો છે. આપણે વિદ્યાર્થીની માધ્યમિક શાળાન્ત પરીક્ષાની ઉત્તરવહીઓ તપાસીએ તો વિદ્યાર્થીની કુંઠિત લેખન શક્તિનો ખ્યાલ આવે. વળી વાદસભા કે અન્યસ્થળે મોટાભાગના વિદ્યાર્થીઓની મૌખિક અભિવ્યક્તિ પણ રૂચતી નથી. આના મૂળમાં શિક્ષક, તેની અધ્યાપન પધ્ધતિ, અધ્યયન માટેની ઉત્સુકતા તથા અવૈજ્ઞાનિક ઢબે તૈયાર થતાં પાઠયપુસ્તકો જવાબદાર છે એ તો સંશોધનનો વિષય છે.

શાસ્ત્રીય રીતે તૈયાર થયેલાં પાઠયપુસ્તકોમાં ક્રમિકતા હોય, રસપ્રદ વાચનસામગ્રી હોય, ચોકકસાઇ હોય, વિદ્યાર્થી જેમ જેમ આગળ વધતો જાય તેમ તેમ એનાં અર્થગ્રહણ ને અભિવ્યક્તિનાં વિવિધ કૌશલ્યો ક્રમિક રીતે ને સહજતાથી હાંસલ કરવાની

સુવિધા હોય, એની વાચનસામગ્રી જેટલી ક્રમિક હોય તેટલા જ એના ભાષાના મનોયત્નો પણ ક્રમિક હોય.

સૌ પ્રથમ આવશ્યક તો વિવિધ વયકક્ષાના વિદ્યાર્થીઓના વાપરતથા ઓળખ શબ્દોની પ્રમાણિત યાદી તૈયાર કરવાની છે. ગુજરાતી ભાષામાં ભાષાના વાક્યબંધો (Structures) એકઠા કરી તેનું વર્ગીકરણ કરી તેને યોગ્ય ક્રમમાં ગોઠવવાનું કામ પણ હજી હાથ ધરાયું નથી. શબ્દો અને વાક્યબંધો અંગેનું કામ પાયાનું કહેવાય. અંગ્રેજી જેવી ખેડાયેલી અને વિકસિત વિશ્વભાષામાં આને અંગે થયેલા સંશોધનો અને પાઠ્યપુસ્તકો તથા ભાષાના પુસ્તકો રચવા – સુધારવામાં એનો કરવામાં આવેલા ઉપયોગ પર જો નજર નાખીએ તો આપણને સહેલાઇથી સમજાશે કે આ બાબતમાં પાછળ રહેવાનું કારણ આપણી ઉદાસિનતા છે. અંગ્રેજ વિદ્યાર્થી પોતાના અભ્યાસને જુદે જુદે તબક્કે કેટલા શબ્દો વાપરી યા ઓળખી શકતો હોય એની જુદી જુદી યાદીઓ તૈયાર કરીને સંશોધનો દ્વારા તેને પ્રમાણિત કરવામાં આવી હોય છે. આવું પાયાનું કામ આપણે ગુજરાતી ભાષા વિશે વિના વિલંબે હાથ ધરવું જોઇશે. આનું એક કારણ એ કે આવી યાદીઓની મદદથી આપણે વિદ્યાર્થીના ભાષા જ્ઞાનનો સંગીન પાયો નાખી તેને સ્વભાષામાં નિપુણ બનાવી શકીશું.

## આદિવાસીઓની ભાષા

કેટલીક સામાજિક પરિસ્થિતિ પણ આવા ભાષાલક્ષી સંશોધનો આવશ્યક બનાવે છે. દા. ત. ગુજરાત રાજ્યમાં આદિવાસીઓ તથા હરિજનોની વસતી રાજ્યની કુલ વસતીના અનુક્રમે ૧૩.૯૯ % અને ૬.૮૪% છે. કેટલાક જિલ્લાઓમાં અન્ય

પછાત કોમોની વસ્તી પણ ઘણી મોટી છે. ભારતમાં ૬ થી ૧૪ વર્ષના સઘળા બાળકોનું પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત થયા સુધી પછી આ વર્ગોના બાળકો પણ પોતાના કુટુંબમાંના પ્રથમ શીખનાર તરીકે શાળામાં દાખલ થયાં છે. પ્રમાણિત ગુજરાતી ભાષા કરતાં એમની બોલી (dialect) જુદી હોય છે. એમના ઉચ્ચાર પણ શુધ્ધ હોતા નથી. એમને કુટુંબમાંથી શુધ્ધ ભાષાના સંસ્કારનો વારસો મળતો નથી. આ વિદ્યાર્થીઓને શુધ્ધ ઉચ્ચારણ, વાચન અને વાચાના કૌશલ્યો આપવાનું કામ સહેલું નથી. ક્રમે ક્રમે જ એમને બીજા શિક્ષિત કુટુંબના બાળકોની હરોળમાં લાવી શકાય. તે દરમિયાન એમની ભાષા/બોલીની અસર બીજા બાળકો પર પડવાનો સંભવ છે. એથી વિશેષ સરકારની પ્રચલિત નીતિ અનુસાર ૧૫ % જેટલા શિક્ષકોની ભરતી ઉપરોક્ત વર્ગોમાંથી થતી હોવાથી એમની ખામી ભરેલી ભાષાની વિપરીત અસર વિદ્યાર્થીઓ પર પડવાની જ. આ પરિસ્થિતિ ભાષાકીય સંશોધનો માટે એક તાકીદનું કારણ ને આવશ્યકતા પૂરી પાડે છે.

## ગુજરાતી ભાષાના સંશોધનોની આવશ્યકતા

ગુજરાતી ભાષાનાં સંશોધનો અંગેની પ્રવર્તમાન પરિસ્થિતિ નિહાળતાં લાગે કે, ગુજરાતી ભાષામાં કેટલાક નિબંધો તથા મહાનિબંધો લખાયા છે. ભારતીય વિદ્યાભવનમાંથી બહાર પડેલ ગુજરાતી ભાષા તથા સાહિત્યની મહાનિબંધો (Thesis) ની યાદી પરથી માલૂમ પડે કે લગભગ ૧૦૦ જેટલા મહાનિબંધો અત્યારે ઉપલબ્ધ છે. આ બધા જ મહાનિબંધો મહદ્અંશે ગુજરાતી સાહિત્ય અંગેના છે. પરંતુ શિક્ષણની શાખામાં ગણ્યાગાંઠા મહાનિબંધો તથા નિબંધો છે.

ગૂજરાતી ભાષા માટે વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખીને જે અભ્યાસો થવા જોઇએ તે જોઇએ તેટલા પ્રમાણમાં નથી. શ્રી કે. એસ. વકીલે ૧૧ + ના વિદ્યાર્થીઓના શબ્દભંડોળ અંગે ગૂજરાતી ભાષા માટેનું પાયાનું કામ કર્યું છે. તેમના પછી શ્રી રાવળે ૧૨+ ના વિદ્યાર્થીઓ માટેનું શબ્દભંડોળનું તથા કુમારી શ્રી લાકડાવાળાએ ૧૩ + ના વિદ્યાર્થીઓના શબ્દભંડોળ અંગેનું મહત્ત્વનું કામ કર્યું છે પરંતુ ઉપરોકત ત્રણે સંશોધનોમાં કોઇ એક વયજૂથના વિદ્યાર્થીઓ માટેનાં જ વાપર શબ્દભંડોળ તેમ જ ઓળખ શબ્દભંડોળનું કામ થયું છે. આથી પ્રસ્તુત સંશોધનમાં ૧ થી ૫ શ્રેણીના સમગ્ર તબક્કાને આવરી લેવામાં આવ્યો છે. અલબત્ત તેમના વાપર શબ્દભંડોળનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

## વિષયનો વ્યાપ

આગળ સંશોધન માટેના વિષયનું જે આલેખન છે તેમાં તેનો વ્યાપ તેમ જ મર્યાદા એમ બન્ને વાચ્યાર્થમાં સમાઇ જાય છે. અત્યાર સુધીનાં ગૂજરાતી ભાષા માટેનાં સંશોધનો એક જ શ્રેણીના તથા એક જ વયના વિદ્યાર્થીઓના શબ્દભંડોળ અંગેની વાત કરે છે. જયારે આ સંશોધનમાં એક મોટા વયજૂથનો અને પ્રાથમિક શિક્ષણના નિમ્ન તબક્કાને આવરી લેવાનો પ્રયાસ થયો છે. ગૂજરાતમાં શ્રેણી ૧ થી ૭ ને પ્રાથમિક શિક્ષણનો તબક્કો ગણ્યો છે. એમાંથી પ્રારંભની પાંચ શ્રેણીનાં બાળકોનું ગૂજરાતી શબ્દભંડોળ કેટલું છે તે જાણવાનો અહીં પ્રયાસ કર્યો છે.

ફરજિયાત શિક્ષણની ઉંમર ૬ થી ૧૪ વર્ષની નકકી કરવામાં આવી છે. આને પણ બે ભાગમાં વહેંચી નાખી છે. ૬ થી ૧૧ વર્ષનું પહેલું વયજૂથ અને ૧૧ થી ૧૪ વર્ષનું બીજું વયજૂથ. આ સંશોધન

પહેલા જૂથની ઉંમરનાં બાળકોને આવરી લે છે અને તેથી જ એને અનુરૂપ શ્રેણી ૧ થી ૫ ને સંશોધનના ક્ષેત્રમાં સમાવી લીધી છે.

પ્રસ્તુત સંશોધન ગુજરાતના એક મોટા નગરની અને તેની આસપાસનાં ગામોની શાળાઓને આવરી લે છે. છતાં અહીં નમૂના માટે પસંદ કરેલા વિદ્યાર્થીઓ બહોળા નગર અને ગ્રામ વિસ્તારમાંથી આવે છે. એ ઉદ્યોગપતિ ને કામદાર, ખેડૂત અને ખેતમજૂર, વેપારી, શિક્ષક, વકીલ, ડોક્ટર, ઇજનેર, ઇત્યાદિ વિવિધ સ્તરનાં કુટુંબોમાંથી આવતાં હોવાથી એકંદરે આખા પચરંગી સમાજની ભાષાનું પ્રતિબિંબ એમના નમૂનામાં જોવા મળે છે.

**સંશોધનની મર્યાદા :**

અન્ય સંશોધનોની સરખામણીમાં પ્રસ્તુત સંશોધનની એક મર્યાદા એ છે કે તેમાં વિદ્યાર્થીઓના વાપર શબ્દભંડોળનો જ સમાવેશ કરવામાં આવ્યો છે.

શબ્દભંડોળ મુખ્યત્વે બે પ્રકારના હોઇ શકે:

૧. વાપરશબ્દભંડોળ (Reproduction Vocabulary or active Vocabulary) તથા ૨. ઓળખ શબ્દ ભંડોળ.( Recognition Vocabulary

વાપર શબ્દભંડોળ વિદ્યાર્થીની મૌખિક - અભિવ્યક્તિમાંથી કે તેની લેખિત અભિવ્યક્તિમાંથી પ્રાપ્ત થઇ શકે, જ્યારે ઓળખ શબ્દભંડોળ માટે કહી શકાય કે, વિદ્યાર્થી શબ્દ ઓળખી શકે, તેનો અર્થ તેને સમજાતો હોય છતાં તે કદાચ તેનો ઉપયોગ ન કરી શકે, આ સંશોધનમાં વિદ્યાર્થીઓની મૌખિક ભાષા તથા લેખિત ભાષાના નમૂનાઓ પરથી ફક્ત વાપર શબ્દભંડોળ જ સંગ્રહિત કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત વયને લગતી કેટલીક મર્યાદા સ્વીકારવી પડી હતી. સામાન્ય તથા સરકારે માન્ય કરેલ વયજૂથો પ્રમાણે ૬ થી ૧૧ વયજૂથના વિદ્યાર્થીઓ શ્રેણી ૧ થી ૫ માં અભ્યાસ કરતા હોય તેને બદલે શહેરની તેમ જ મોટેભાગે ગામડાની કેટલીક શ્રેણીઓમાં યોગ્ય વયના વિદ્યાર્થીઓ નહોતા. કેટલીક શાળામાં શ્રેણી ૧ માં જ ૮ કે ૯ + ના વિદ્યાર્થીઓ હતા. અર્થાત્ શ્રેણી ૧ માં બધા ૬ વર્ષની ઉંમરના જ વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ લેવાનું શક્ય નથી બની શક્યું.

શબ્દભંડોળ અતિગહન વિષય છે. તે વિદ્યાર્થીઓની અભિવ્યક્તિ પરથી જ જાણી શકાય. કેટલાક વિદ્યાર્થીઓની મૌખિક અભિવ્યક્તિ સારી હોય, જ્યારે કેટલાકની લેખી અભિવ્યક્તિ સારી હોય, કેટલાકની બન્ને પ્રકારની અભિવ્યક્તિ સારી હોઇ શકે, અર્થાત્ માહિતી એકત્ર કરવામાં ચોકસાઇ તો ત્યારે જ આવે જ્યારે જે વિદ્યાર્થીઓના નમૂના પસંદ કર્યા છે તે બધા જ વિદ્યાર્થીઓની બન્ને પ્રકારની અભિવ્યક્તિમાંથી શબ્દભંડોળ શોધ્યો હોય. પરંતુ સંશોધકે પસંદ કરેલા કેટલાક વિદ્યાર્થીઓનું લેખન કૌશલ્ય હજી પ્રારંભિક અવસ્થામાં હોવાથી એમને લખવાની ફાવટ નહોતી. આથી શ્રેણી ૧ તથા ૨ ના વિદ્યાર્થીઓની મૌખિક અભિવ્યક્તિ ટેઇપરેકોર્ડ કરી લીધી, અને શ્રેણી ૩ થી ૫ ના વિદ્યાર્થીઓ જે લખી શકે છે તેમની લેખી અભિવ્યક્તિ લીધી.

સંશોધન માટે આંકેલી આ મર્યાદા પસંદ કરેલા ક્ષેત્રમાં વધુ ઊંડાણથી અભ્યાસ કરવાની અનુકૂળતા કરી આપશે. શબ્દભંડોળ અંગે કરવા યોગ્ય સંશોધનોની શ્રેણીમાં આ પહેલો પ્રયત્ન છે. પ્રસ્તુત સંશોધનની શબ્દયાદી સંપૂર્ણ રીતે પર્યાપ્ત છે એવો

સંશોધકનો દાવો નથી. આથી એના અનુસંધાનમાં બીજાં સંશોધનો હાથ ધરી શકાય. દા. ત. વધારે વિસ્તૃત નમૂના પસંદ કરીને શ્રેણીવાર શબ્દભંડોળની યાદીઓ તૈયાર કરવાનું કાર્ય ઓળખ શબ્દોની યાદીનું કાર્ય, આવી યાદીઓને પ્રમાણિત (standardised) કરવાનું કાર્ય, વગેરે.